**ગ્રીન હાઉસ/નેટ હાઉસ તાલીમનો સમયગાળો ઘટાડવા તેમજ ફીમાં વધારો કરવા બાબત...**

# –: જાહેરનામું નં. ૩/૨૦૨૪ :–

આથી સંબંધકર્તા સર્વેને જાણ કરવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદની પંદરમી બેઠક તા.૨૨/૦૮/૨૦૨૪ના રોજ નવસારી ખાતે મળેલ હતી, જેની કાર્યનોંધના મુદ્દા નં. ૧૫.૩થી નીચેની વિગતે ઠરાવ કરેલ છે, જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

**"આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત હોર્ટીકલ્ચર મિશન, બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી કરવામાં આવેલ વિનંતીને ધ્યાને લઈ રક્ષિત ખેતી સહાય ઘટક અંતર્ગત ગ્રીન હાઉસ/નેટ હાઉસ તાલીમનો સમયગાળો ૧૫ દિવસથી ઘટાડી ૧૦ દિવસ કરવા તેમજ, વધુમાં પ્રવર્તમાન પરિસ્થિતી મુબજ ફીની રકમ રૂા.૧૦,૦૦૦/– પ્રતિ તાલીમાર્થી કરવા અને પરિશિષ્ટ–૧ મુજબ ખર્ચના દર માન્ય રાખીને તાત્કાલિક અસરથી તેનો અમલ કરવા માટે વિસ્તરણ શિક્ષણ પરિષદ દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે."**

જા.નં. નકૃયુ/વિશિનિ/વિશિપ–૧૫/ટી–૧/વેબ–૫૮/૨૦૨૪
નવસારી તા. ૧૯/૦૯/૨૦૨૪

વિસ્તરણ શિક્ષણ નિયામક
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. નવસારી કૃષિ યુનિવર્સિટીની વિસ્તરણ શિક્ષણ પરિષદના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ થવા સારું.
૩. નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ થવા સારું.

**નકલ જયભારત સહ રવાના પ્રતિ :**

૧. નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ થવા સારું.
૨. ઈન્ચાર્જ, એગ્રીકલ્ચરલ ટેકનોલોજી ઈન્ફોર્મેશન સેન્ટર(એટીક), વિશિનિશ્રીની કચેરી, નકૃયુ, નવસારી તરફ જાણ તથા અમલ થવા સારું.

## <u>પરિશિષ્ટ–૧</u>

### દસ દિવસીય રક્ષિત ખેતી ''ગ્રીન હાઉસ/ નેટ હાઉસ'' તાલીમના
### અંદાજીત ખર્ચના દર અને ફીની વિગત

| અ.નં. | ખર્ચની વિગત | રકમ (રૂ.) |
|---|---|---|
| ૧. | ૧૦ દિવસ રહેવા–જમવાનું અને ચા–નાસ્તો ૨૦ તાલીમાર્થીના રૂ.૫૦૦/ દિવસ લેખે ખર્ચ) | ૧,૦૦,૦૦૦/– |
| ૨. | વકતાઓને મહેનતાણું તેમજ બહારથી આવતા વ્યાખ્યાતાઓને આવવા જવાનું ભાડું (રોજના <u>છ</u> વ્યાખ્યાન રૂ.૫૦૦/– લેખે તથા વ્યવસ્થાપન ખર્ચ) | ૩૦,૦૦૦/– |
| ૩. | ક્ષેત્રીય મુલાકાત અને પ્રાયોગિક અભ્યાસ દરમ્યાન પરિવહન પેટે ઈંધણ તેમજ ટોલટેક્ષ ખર્ચ | ૨૩,૦૦૦/– |
| ૪. | પેન, પેડ, ફોલ્ડર અને ટ્રેનીંગ મટીરીયલ (૨૦ તાલીમાર્થી–રૂ. ૫૦૦/તાલીમાર્થી) | ૧૦,૦૦૦/– |
| ૫. | તાલીમ હોલનું ભાડું (પ્રતિ દિન રૂ. ૨,૫૦૦/–) | ૨૫૦૦૦/– |
| ૬. | સ્ટેશનરી ચાર્જ, ઓફીસ એક્ષ્પેન્સીસ, સર્ટીફીકેટ, અન્ય પરચૂરણ ખર્ચ (ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, બેનર, વગેરે) | ૫૦૦૦/– |
| ૭. | મહેનતાણું<br>(અ) કોર્ષ કો–ઓર્ડીનેટર<br>(બ) તાલીમ સહાયક | <br>૫,૦૦૦/–<br>૨,૦૦૦/– |
| | કુલ | ૨,૦૦,૦૦૦/– |
| તાલીમાર્થી દીઠ ફી (દસ દિવસીય એક તાલીમ દરમ્યાન પ્રતિ તાલીમાર્થી થનાર અંદાજિત ખર્ચ) રૂ.૧૦,૦૦૦/– | | |

**નોંધ :** (૧) તાલીમ પૂર્ણ થયા બાદ બચત રહેલી રકમ તાલીમ આપનાર કેન્દ્ર/સંસ્થાના વિકાસ કાર્યો માટે વપરાશ કરી શકાશે.
(૨) કોર્સ કોઓર્ડીનેટર ઉપરોકત સબ હેડમાં ૨૦ % સુધી ફેરફાર કરી શકશે.
(૩) ઉપરોકત સબ હેડનો ખર્ચ તાલીમમાં આવેલ તાલીમાર્થીની સંખ્યાના સપ્રમાણમાં કરવાનો રહેશે.

સ્થળ: નવસારી
તારીખ: ૧૯/૦૯/૨૦૨૪

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

–:–:–:–:–:–:–:–